# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 10/06/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATGAURDIAN PAGE-08

## ભરૂચમાંથી વિદેશી દારૂનાં ૧૫૩ પાઉચ સાથે ધર્મેન્દ્ર કેવટ ઝડપાયો

**ભરૂચ:** ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક તરફથી જિલ્લામાં દારૂ-જુગાર સદંતરપણે નાબૂદ કરવા પ્રોહી તથા જુગાર અંગેની ડ્રાઇવ રાખવામાં આવી હોય જે અનુસંધાને ભરૂચ એલસીબી ટીમ દ્વારા ભરૂચ શહેર દહેજ બાયપાસ રોડ ઉપર આવેલ મઢુલી સર્કલ પાસેથી રિક્ષામાં ભરેલ ઈંગ્લિશ દારૂના પાઉચ સાથે એક ઇસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઝડપાયેલા આરોપીની પૂછતાછ કરતા તેનું ધર્મેન્દ્ર કમલેશ કેવટ (રહે., મકાન નં-૯૨, રાધાક્રિષ્ના રેસીડેન્સી, ચાવજ, ભરૂચ) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ધર્મેન્દ્ર કેવટની અટકાયત કરી તેની પાસે રહેલા ઈંગ્લિશ દારૂના ૮,૩૦૧ના પાઉચ નંગ ૧૫૩ કિ.રૂ. ૧૫,૩૦૦ તથા એક ઓટોરિક્ષા નં.(જી.જે.૧૬-ઝેડ-૪૫૪૩) કિ.રૂ.૪૦,૦૦૦ તથા મોબાઇલ નંગ-૧ કિ.રૂ.૫૦૦ મળી કુલ રૂપિયા ૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તેના વિરુદ્ધ પ્રોહિબિશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# વાલિયાના ડહેલી ગામના ફરાર બુટલેગરની ધરપકડ

**વાલિયાઃ** ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમ વાલિયા તાલુકામાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે વાલિયાના ડહેલી ગામનો પ્રોહીબીશનના ગુનામાં સં ડોવાયેલો ફરાર આરોપી આરોપી અહીં ફરી હ્રરહયો છે. જે બાતમીના આધારે પોલીસે ફરાર હરેશ રાજુ વસાવાને ઝડપી પાડી તેના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



DATE: 12/06/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-12

### માથાના ભાગે ડંડો વાગી જતા ગંભીર ઈજાઓથી મોત

# ટંકારીયા ગામે નજીવી બાબતમાં ભાઈના હાથે જ ભાઈની હત્યા

## પુત્ર ગુમાવનાર પિતાએ જ બીજા પુત્ર સામે ગુનો નોંધાવ્યો

। પાલેજ ।

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામના નાના પાદર ખાતે નજીવી બાબતના ઝઘડામા ભાઈના હાથે ભાઈનું કરૂણ મોત નિપજતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો અનુસાર ભરૂચના પાલેજ પોલીસ મથકની હદમાં આવેલા ટંકારીયા ગામના નાના પાદર ખાતે ગતરાત્રીના વિક્રમ ગુલાબભાઈ વસાવા રહે.ટંકારીયા તથા કલ્પેશ ઉર્ફે લાલા રમણ વસાવા રહે.ટંકારીયાનાઓ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા વિક્રમના મોટાભાઈ રાજુ ગુલાબ



વસાવાનાઓએ વિક્રમનું ઉપરામણું લઈ કલ્પેશને રાજુએ પોતાના હાથમાં રહેલા લાકડાના ડંડા વડે સપાટો બરડાના ભાગે માર્યો હતો.

ત્યારબાદ રાજુ કલ્પેશને બીજો સપાટો મારવા જતા કલ્પેશ ખસી જતા રાજુનો ભાઈ વિક્રમ જે બાજુમાં ઉભો હતો તેના માથાના ભાગે ડંડો વાગી જતા વિક્રમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા વિક્રમનું કરૂણ મોત નિપજયુ હતુ. ઘટનાની જાણ પાલેજ પોલીસને થતા પોલીસ કાફલાએ ઘટના સ્થળે દોડી જઈ કાયદેસરની કાર્યવાહી કરી મરણ જનાર વિક્રમના મૃતદેહનો કબ્જો મેળવી પી.એમ. અર્થે પાલેજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડયો હતો. ઘટના સંદર્ભે પોલીસે રાજુની ધરપકડ કરી હતી. બનાવ સંદર્ભે ગુલાબભાઈ ચીમનભાઈ વસાવાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભાઈના ઝઘડામાં ભાઈનું ઉપરામણું લેવા ગયેલા ભાઈના હાથે જ ભાઈનું મોત થતા પાલેજ પંથકમાં ઘટના ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે.

DATE: 13/06/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

## દરિયાકાંઠા વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારી દેવાયું

# દહેજ બંદરે બુધવારે 45 કિમીની ઝડપે પવન ફૂંકાયાં : 2 નંબરનું સિગ્નલ

## જંબુસરના દરિયામાં ગયેલા માછીમારો પરત ફર્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના ત્રણ તાલુકાના 40 ગામોને વાયુ વાવાઝોડાના કારણે સાબદા કરી દેવાયાં છે. બુધવારે બપોરથી રાજ્યમાં વાવાઝોડાની અસર જોવા મળી હતી. દહેજ બંદર ખાતે 45 કીમીની ઝડપે પવન ફૂંકાયો હતો. લોકો દરિયા કિનારે ન જાય તે માટે કાંઠા વિસ્તારોમાં પોલીસે પેટ્રોલિંગ વધારી દીધું છે.

વાવાઝોડાના પગલે હાંસોટના 07, વાગરાના 10 અને જંબુસરના 23 ગામોને એલર્ટ કરી દેવાયાં છે. માછીમારોને દરિયો નહિ ખેડવાની સલાહ આપી છે. ભાડભુત તથા આસપાસના ગામોમાંથી માછીમારો તેમના ઘરોમાં સલામત આવી ગયાં છે. તેવી જ રીતે જંબુસર તાલુકામાંથી દરિયો ખેડવા ગયેલા માછીમારો વાવાઝોડાના પગલે ઘરે પાછા ફર્યા છે. બુધવારે બપોરથી રાજ્યમાં વાવાઝોડાની અસર જોવા મળી હતી. દહેજ બંદર ખાતે 45 કીમીની ઝડપે પવન ફૂંકાયો હતો. દહેજ બંદરે દુરવર્તી વાવાઝોડાની ચેતવણી આપતું 2 નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. દરિયો તોફાની બનવાની શક્યતા હોવાના કારણે ભરૂચના 120 કીમી લાંબા દરિયાકાંઠા પર પોલીસ પેટ્રોલિંગ વધારી દેવાયૂં છે. લોકોને દરિયા કિનારે ન જવાની સલાહ આપવામાં આવી છે. ભરૂચ એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રએ પુરતી તૈયારી કરી છે. માછીમારો તથા સ્થાનિકો સાથે બેઠકો પણ યોજી છે.

# અંકલેશ્વરમાંથી જુગાર અને પ્રોહિબિશનના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો



**અંકલેશ્વર:** અંકલેશ્વર શહેર પોલીસે પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર પોલીસે જુગારધામ તથા પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી હતી. જેમાં પોલીસ સૂત્ર મળતી માહિતી અનુસાર અંકલેશ્વર શહેર પોલીસમાં પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી રોહન રાજેશ ચોકસી જે હાલ રહિશ સિદ્ધેશ્વરી સોસાયટી એસાર પેટ્રોલ પંપની પાસે, હંસોટનાને અંકલેશ્વર શહેર પોલીસે ગઈકાલે ઝડપી પાડી પ્રોહિબિશનની કલમ હેઠળ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વર બસ ડેપોના પાર્કિંગમાં જુગાર રમતા બે જુગારી ઝડપાયા



**અંકલેશ્વરઃ** અંકલેશ્વર પોલીસેને માહિતી મળેલ કે અંકલેશ્વર બસ ડેપો વિસ્તારમાં જુગારના અડ્ડાઓ ધમધમે છે. જેની પર નજર કરતા બે જુગારીઓને ઝડપી પડ્યા છે. પોલીસ માહિતી અનુસાર અંકલેશ્વર શહેર પોલીસને માહિતી મળી હતી કે, અંકલેશ્વર બસ ડેપોના પાર્કિંગમાં સટ્ટા બેટિંગ તથા આંકડાનો જુગાર ચાલી રહ્યો છે. બાતમીના આધારે અંકલેશ્વર શહેર પોલીસે બસ ડેપોમા રેડ કરી પાર્કિંગમાંથી જુગાર રમતા અનીશ રામભાઈ રહે ટાંકી ફળિયા, અંકલેશ્વર. અને ઉસ્માન યુસુફ મુલ્લા, રહે. ઉમરવાડા અંકલેશ્વર ઝડપી પાડયા હતા અને તેઓ પાસેથી પત્તા-પાનાના સાધનો સહિત ૧૨૮૦ રૂપિયા કબજે કરી બંને આરોપીઓ વિરુદ્ધ જુગાર હેઠળની કલમો લગાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

DATE: 14/06/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARAT MITRA PAGE-05



# 'વાયુ'ના સંદર્ભે IGP અભય ચુડાસમાએ ભરૂચના કાંઠાના વિસ્તારની મુલાકાત લીધી

ભરૂચ: 'વાયુ'ની આફતના પગલે પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા વડોદરાવિભાગ દ્વારા હાંસોટ તાલુકાના દરિયાકાંઠા વિસ્તારને અડીને આવેલ વમલેશ્વર ગામ તથા ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઇ માછીમારોને અને ગામ લોકોને મળી વાવાઝોડાની પરિસ્થિતીથી વાકેફ કર્યા હતા. તથા વાવાઝોડાની ગમે તેવી પરિસ્થિતીને પહોંચી વળવા ભરૂચ જીલ્લા પોલીસતંત્ર સજ્જ છે. જેની ખાત્રી આપી વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા અંગેનુ માર્ગદર્શન પુરૂ પાડી, અગમચેતીના ભાગરૂપે સલામત સ્થળે ખસી જવા સુચનાઓ કરી, જીલ્લા પોલીસને પણ સમગ્ર પરિસ્થિતિને પહોંચી વળવા માટે માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

DATE: 15/06/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-12

# ભરૂચમાં ૨૪ વર્ષથી પાસપોર્ટ ચીટિંગમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

## SOG એ વૃદ્ધ મુસા ઈસપ સોજરાને પકડયો

। ભરૂચ ।

ઘણા વરસો પહેલા ભરૂચ પંથકમાં પાસપોર્ટ ચીટીંગ ગુનાઓ ખુબ બની રહ્યા હતા તેવા સમયે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મ તારીખ કે નામમા ફેરફાર કરી પાસપોર્ટની દરખાસ્ત કરવામાં આવતી હતી.



વર્ષ ૧૯૯૫ મા આવા બનાવો બન્યા હતા. ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારા બોગસ પાસપોર્ટ કાંડ સાથે સંકળાયેલા હોવાનું જે તે સમયે બહાર આવ્યુ હતુ. આજ સમયે બી.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુના રજી.નં.૧૪૬/૧૯૯૫ ઈપીકો કલમ ૪૬૭, ૪૬૮ મુજબનો ગુનો નોંધાયો હતો. આ ગુનાનો એક આરોપી મુસા ઈસપ અલ્લી સોજરા, ઉ.વ.૭૨, મુળ રહે.અકુજી સ્ટ્રીટ, કંથારીયા, તા.જી.ભરૂચ, હાલ રહે.લારા શેરી, રૂવાપરી રોડ, ભાવનગરને બાતમીના આધારે એસઓજી પોલીસે શેરપુરા ચોકડી પાસેથી ઝડપી પાડેલ છે અને તેની વધુ તપાસ અંગે બી. ડીવીઝન પોલીસને સોંપવામાં આવેલ છે.

### બોગસ પાસપોર્ટમાં શું કરાયું હતું

બોગસ પાસપોર્ટમાં ઓરીજનલ એટલે કે અસલ લીવીંગ સર્ટીફીકેટમાંથી કેટલાક શબ્દો કે આંકડા બ્લેડ વડે ખોત્રી નંખાતા હતા તેની સામે અન્ય શબ્દો કે સંખ્યા લખવામાં આવતી હતી આમ કરીને પાસપોર્ટના અરજદારનું નામ કે અટક બદલી નાંખવામાં આવતી હતી એટલુ જ નહી પરંતુ જન્મ તારીખ અને જન્મનું વર્ષ પણ બદલી નાખવામાં આવતુ હતુ ત્યારબાદ પાસપોર્ટ તૈયાર કરવામાં આવતા હતા. આવા બોગસ પાસપોર્ટ અંગે જે તે વખતના બી.ડીવીઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. પરમારે ઘણા ગુનાઓ નોંધ્યા હતા. ભરૂચ પંથકમાં બી.ડીવીઝન પોલીસ મથકની હદમાં આવતા વિસ્તારોમાં બોગસ પાસપોર્ટ બનાવવા અંગેના જથ્થાબંધ ગુનાઓ ઝડપાયા હતા. બોગસ પાસપોર્ટ અંગે ભરૂચ મુખ્ય કેન્દ્ર એટલે કે એપી સેન્ટર કહી શકાય.

# અંકલેશ્વર શહેરમાં પ્રોહિબિશન કેસના આરોપીની ધરપકડ

**અંકલેશ્વરઃ** અંકલેશ્વર શહેર પોલીસે રેગ્યુલર ચેકીંગમાં હતા તે વખતે પ્રોહિબિશન કેસના ફરાર આરોપીને ઝડપી પડી જેલ ભેગો કર્યો છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર તારીખ ૯-૩-૨૦૧૯ના રોજ અંકલેશ્વરના રાજપીપળા રોડ પાસે આવેલ વર્ષા હોટલની સામે બાવળીયામાં વિદેશી દારૂના જથ્થા સાથે એક રિક્ષાની અટકાયત કરી હતી. જે તે સમયે આરોપી શાહરૂખ પઠાણ તથા આશિફ પઠાણની ધરપકડ કરી હતી. બંને આરોપીની વધુ પૂછપરછ કરતા વધુ એક આરોપી મુકેશ રવજી ચૌધરીનું નામ ખુલતા અંકલેશ્વર શહેર પોલીસે મુકેશ રવજી ચૌધરીને પ્રોહીબીશનના ગુનામાં અટકાયત કરી અંકલેશ્વર શહેર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 16/06/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATGAURDIAN PAGE-07

# અંકલેશ્વરના કસ્બાતીવાડમાં મકાનમાંથી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

**અંકલેશ્વર તા : ૧૫**

અંકલેશ્વરના કસ્બાતીવાડ વિસ્તારમાં ઘનશ્યામ નગર માંશહેર પોલીસે એક મકાનમાંથી ડ્રમમાં સંતાડેલો વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વરના હવેલી ફળીયામાં રહેતો જાવેદ આસીફ શેખે કસ્બાતીવાડમાં આવેલા ઘનશ્યામ નગરમાં મકાન નંબર ૩૮માં વિદેશી દારૂનો જથ્થો સંતાડેલો હોવાની બાતમી શહેર પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફને મળતા પોલીસે મકાનમાં રેડ કરતા પ્લાસ્ટીકના ડ્રમમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. શહેર પોલીસે જાવેદ આસીફ શેખની અટકાયત કરી ૮૮ હજાર ઉપરાંતના વિદેશી દારૂની ૮૮૦ નંગ બોટલ કબ્જે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચ નગર અને આસપાસ ચોરી કરી હતી

# બે વર્ષથી ઘરફોડ ચોરીમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ભરૂચ જિલ્લા પોલીસવડા રાજેન્દ્રસિંહ ચૂડાસમાની સુચના અનુસાર એસઓજી પોલીસ ઈન્સ્પેકટર પી.એન.પટેલ તથા પીએસઆઈ એસ.એન.ગોહિલ તેમજ કે.એમ.ચૌધરી અને તેમની ટીમે ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા આરોપીઓની સઘન શોધખોળ શરૂ કરતા બાતમીના આધારે એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર ફસ્ટ ૧૪૮/૧૭ અને અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ગુના રજી.ફસ્ટ ૨૮૭/૧૮ મુજબ નોંધાયેલા ઘરફોડ ચોરીના બનાવનો નાસતો ફરતો આરોપી સંતવંતસિંગ ઉર્ફે સંતુ ગુરૂદાસસિંગ ટાંક ચીખલીઘર હાલ રહે.કાસદ, નવીનગરી, તા.ભરૂચ, મુળ.રહે.ઝૂપડપટ્ટી ગુરૂદ્વારા, કસકને ઝડપી વધુ તપાસ અર્થે ભરૂચ શહેર એ.ડીવીઝનને સુપ્રત કરેલ છે. પોલીસ તંત્રના સુત્રોના જણાવ્યા અનુસાર ઝડપાયેલ આરોપીની તપાસ દરમિયાન ભરૂચ પંથકમાં થયેલ અન્ય ઘરફોડ ચોરીના બનાવોના ભેદ ખુલે તેવી સંભાવના છે.

## નાસતા ફરતા આરોપીને SOG પોલીસે ઝડપી પાડ્યો

DATE: 16/06/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

**માર્ગદર્શન** | ભરૂચમાં સુરક્ષા સેતુ સોસાયટી અને જિલ્લા પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું

# નારીને સબળા બનાવવા પોલીસે નિડરતા સેમિનાર યોજ્યો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં પોલીસ હેડક્વાટર્સ ખાતે મહિલાઓમાંથી ભય દુર કરવા અને તેમને સબળા બનાવવા નારી નીડરતા સેમિનાર યોજાયો હતો. જેમાં મહિલાઓમાં નીડરતા લાવવા અને ડરને પોતાના જીવનમાંથી દૂર ભગાડવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભરૂચ ખાતે શુક્રવારના રોજ પોલીસ હેડ ક્વાટર્સ ટ્રેનિંગ સેન્ટર ખાતે સુરક્ષા સેતુ સોસાયટી અને જિલ્લા પોલીસ દ્વારા નારી નિડરતા સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમા, ડીડીઓ ક્ષિપ્રા અગ્રે, પાલિકા પ્રમુખ સુરભી તમાકુવાલા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. સેમિનારમાં માઈન્ડ તેમજ ટ્રાફીક એજ્યુકેશન ટ્રેનર ડો.અજયસિંહ જાડેજા તેમજ મોટીવેશનલ ટ્રેનર કુમારી કિન્નરબા જાડેજાએ હાજર મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં મહિલાઓને નિર્ભય બનવા, આત્મવિશ્વાસ વધારવા, આત્મહત્યાથી બચવું, મોબાઈલ ટીવીની લત છોડવી, પતિ પત્નીઓ વચ્ચેના ઝગડાઓ દૂર કરવા અને પરિવાર અને સમાજમાં કોઈ પણ પરિસ્થિતિમાં ડર્યા વગર નિર્ભય થઈને દરેક તકલીફોનો સામનો કરવા માટે સુંદર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનની મહિલા સુરક્ષા સમિતિની મહિલાઓ તેમજ પોલીસ અધિકારીઓ તથા મહિલા પોલીસ અધિકારીઓ તેમજ સામાજિક અગ્રણી મહિલાઓ મોટી સંખ્યામાં હજાર રહી હતી.




ભરૂચમાં મહિલાઓને નિર્ભય બનાવવા નારી નીડરતા સેમિનાર યોજાયો હતો.